ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*કાયદામાં કાવાદાવા અને બંધારણ દૂણે છે*
*'ફીટ કરવાની' વૃત્તિથી નીતિ ને મૂલ્યો લૂણે છે,*
*સૂણે ન કોઈ, ને સજા ભોગવે નિર્દોષ-પોલીસો,*
*ચારે ખૂણે રાજરમતમાં 'ઇસરત' ધૂણે છે...*
*(શ્રી વણઝારા વગેરેના દસ વર્ષ હવે પાછાં કોણ આપશે?)*

હાઈકુ

*બજેટ જોવા*
*પહેરાવે પ્રજાને -*
*ગુલાબી ચશ્મા!*
*(વિકાસ ના વાયદા)*

*ફંટાયું ધ્યેય!*
*કુસંપની દિશામાં -*
*વેર-વિખેર...*
*(પાટીદાર સંગઠન તૂટ્યું)*

### ચિંતન

**કવચિત્ સર્પો અપિ મિત્રત્વ મીયાનૈવ ખલ કવચિત્ ।**
**ન શેષ શાયિનો અપ્યસ્ય વશે દુર્યોધને હરેઃ ॥**

કદાચ સાપ જેવો ઝેરપી સાપ પણ પ્રયત્નથી મિત્ર બની જાય, પણ - દુર્જન-દુષ્ટ-લુચ્ચા માણસ ને કદી કોઈ મિત્ર બનાવી શકતું નથી એ પોતાનું દુર્જનપણું છોડી નથી શકતો.

આ વાત સમજાવવા માટે અહીં ભગવાન શ્રી શેષશાયી વિષ્ણુનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે કે વિષ્ણુ ભગવાન શેષનાગનો પથારી તરીકે ઉપયોગ કરી તેના નિર્ભય રીતે શયન કરે છે અર્થાત શેષનાગ જેવા નાગને પણ વશ કરી મિત્ર બનાવી શક્યા પરંતુ દુષ્ટ સ્વભાવના દુર્યોધન ને સામ-દામ-દંડથી ખૂબ સમજાવવાનો પ્રયત્ન કર્યો છતાં તેને સમજાવી ને વશ ન કરી શક્યા.

દુષ્ટ-દુર્જન કદી કોઈનો મિત્ર થઈ શકતો નથી.

### સુવિચાર

- જે લોકો સ્વયં પ્રકાશિત છે તે લોકો ને સ્પોટલાઈટની જરુર પડતી નથી - **ફેસબુક**
- પીવું અને પચાવવું એની કમાલ છે.. પીવાથી ઝેર કંઈ શંકર થવાય ના... - **અખંડ આનંદ**
- અંતર કોલાહલથી ભરપૂર હોય તો દુનિયાની કોઈ પ્રસન્નતા ખુશી નથી આપી શકતી - **રમણ મહર્ષિ**
- જિજ્ઞાસા જયારે ગહન ચિંતનનું રુપ ધારણ કરે છે ત્યારે એ દર્શન બની જાય છે - **અમૃતા પ્રિતમ**
- દરેક સિદ્ધિ એક ગુલામી છે,
  એટલે જ તેનાથી મુક્ત થવા માટે માણસને વધારે મોટી સિદ્ધિની પ્રાપ્તિ માટે ફરજ પડે છે - **નવનીત**
- જે પોતાની 'આજ' ને સંભાળે છે
  એના માટે આવતીકાલનું નિયંત્રણ સરળ બની જાય છે - **કુમારપાળ દેસાઈ**
- આજનું ઔષધ : હરસમાં બીલીના ગર્ભ સાથે છાશ લેવાથી લોહી પડતું બંધ થાય છે

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ 'ચૂંટણીઓ'માં વ્યક્તિ-પક્ષ-સિદ્ધાંત જોવાતા નથી. પક્ષો પણ જ્ઞાતિ અને સમાજને ધ્યાનમાં રાખી 'ઉમેદવાર' નકકી કરે છે. હવે તો સત્તા પક્ષ મત-વિસ્તારની રચનામાં પણ આવા જ કાવાદાવા કરે છે. જ્ઞાતિ-સમાજ-અનામત-ભારતની એકતાના પાયાની 'સૂરંગ' છે... દેશ છિન્નભિન્ન થઈ જશે.

આચાર્ય કૃપલાણીજી સ્વાતંત્ર્યના સેનાની, ગાંધીજી-વિનોભાના અંતેવાસી હતા. 'જ્ઞાતિપ્રથા' ના સખત વિરોધી હતા. એકવાર ટ્રેનમાં એક યુવકે તેમને પુછયું, આપની સાથે મારે પરિચય કેળવવો હોય તો મારે નામ પછી શું પૂછવું જોઈએ?

કૃપલાણીજી સમજી ગયા કે યુવાન 'જ્ઞાતિ' જાણવા ઈચ્છે છે એમણે સુંદર રીતે જવાબ આપ્યો :

હું સવારે શૌચક્રિયા વખત શુદ્ર હોઉં છું, પ્રાર્થા કરું ત્યારે બ્રાહ્મણ, મારા જુતા સાફ કરું ત્યારે મોચી, ભણું-ભણાવું ત્યારે પણ બ્રાહ્મણ, પગાર ગ્રહણ કરું છું ત્યારે વૈશ્ય, અન્યાય સામે લડું ત્યારે ક્ષત્રિય હોઉં છું. હવે તું જાતે જ મારી જાતિ નક્કી કરી લે!

યુવાન આશ્ચર્યચક્તિ થઈ, કૃપલાણીજીને જોતો રહ્યો : આચાર્ય કહે, ભાઈ! માણસ પોતાના આચરણ, વર્તન-વ્યવહારની ગુણવત્તાથી અંકાય - ઓળખાય, જ્ઞાતિથી નહીં.


## બજેટ ચર્ચામાં રાહુલ અને મુલાયમનો પુણ્યપ્રકોપ

### તંત્રીસ્થાનેથી...

ઉત્તરપ્રદેશના મહારથી 'નેતાજી' મુલાયમસિંહ યાદવની સમાજવાદી પાર્ટીનો ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં કરૂણ રકાસ થયો હતો અને આગામી વિધાનસભાની ચૂંટણીમાં એમનાં રાજકીય વારસદાર અખિલેશ યાદવની કેવી દશા થશે તે સમય જ કહેશે. પરંતુ દરમિયાન સીબીઆઈની ધાક હેઠળ હોય કે ઉત્તરપ્રદેશમાં અખિલેશ સરકાર પ્રત્યે કેન્દ્રનું વલણ સહકારભર્યું રહે એવી અપેક્ષાને લીધે - એટલું તો સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું કે મુલાયમ ઢીલા પડી ગયા છે અને ધીરે ધીરે ભાજપ સાથે મીઠા સંબંધો કેળવી સલામત કોચલામાં પુરાઈ રહ્યા છે. મુલાયમસિંહ રાજકારણના અખાડાના સિનિયર પહેલવાન છે એટલે પ્રતિસ્પર્ધી સામે કયારે કેવો દાવ અજમાવવો તે બહુ સારી રીતે જાણે છે. આથી જયારે મોદી સરકાર સામે ઠેર ઠેર વ્યાપક અસંતોષ ઊભો થતો વપરાવા લાગ્યો ત્યારે એમણે સિફતપૂર્વક સાચા વિપક્ષી નેતાની ભાષા બોલવાનું શરું કર્યું છે. મોદીની ધાકથી બિહારમાં ચૂંટણી વખતે મહાગઠબંધનનું અધ્યક્ષપદ છોડી ભાજપના ખોળામાં બેસી ગયેલા મુલાયમે એમના બજેટ ચર્ચાના ભાષણમાં વીણી વીણીને મોદી સરકારની નિષ્ફળતાઓ તર્કબદ્ધ સ્વરુપે રજુ કરી. એમણે મોદીના 'સબકા સાથ સબકા વિકાસ' સૂત્રને હવાઈસૂત્ર ગણાવ્યું અને દરેક મોરચે સરકાર સરિયાણ નિષ્ફળ ગઈ હોવાનું તારણ કાઢી આપ્યું. ભ્રષ્ટાચાર પણ વધ્યો હોવાનું જણાવ્યું અને બજેટમાં કિસાનોને ફાયદો કરાવી આપવાની લાલચ સામે પણ ડિઝલના ભાવમાં સરકારે પેટ્રોલના ભાવની સરખામણીએ નજીવો ઘટાડો કરી પોત પ્રકાશ્યું હોવાનું ખોંખારીને કહી દીધું. કાળા નાણાં વાળા વાયદા તો સાવ જ જૂઠા સાબિત થયા અને વિદેશી બેંકોમાં કાળાં નાણાં ધરાવનારાઓની યાદી જાહેર કર્યા છતાં એ પૈકી કોઈની પણ વિરુદ્ધ કોઈ જ કાર્યવાહી નહીં કરી શકનાર મોદી સરકારે કાળાં નાણાં ધરાવતી માલેતુજાર વ્યક્તિઓ સાથે સાંઠગાંઠ કરી હોવાની શંકા રજૂ કરી. વિદેશનીતિમાં પણ સરકારને સફળતા નહીં સાંપડી હોવાની જ વાત કરી. પંડિત નહેરુએ અન્ય રાષ્ટ્રો સાથે ફકત 'સંબંધો' નહોતા વિકસાવ્યા, એમણે અમેરિકા અને રશિયા જેવી મહાસત્તાઓ સાથે 'દોસ્તી' પણ કેળવી હતી. મોદી કેવળ સંબંધો કેળવી જાણે છે - પરંતુ દુનિયાનો કોઈ પણ દેશ પડતી બૂમે ભારતની પડખે ઊભો રહે, એવો મૈત્રીસંબંધ કેળવાયો નથી. મુલાયમ પહેલાં રાહુલ ગાંધીએ પણ વિવિધ મુદ્દાઓ પર મોદી સરકાર સામે તહોમતનામું મૂકયું હતું. મુલાયમની જેમ એમના ભાષણનો પણ મુખ્ય સૂર એ હતો કે મોદી સરકારની બાંધી મૂઠીનો ભ્રમ ખુલ્લો પડી ગયો છે અને યુવાનો, દલિતો, આદિવાસીઓ કે લઘુમતીઓ સહિત પછાત ગરીબ લોકોને એનો લેશ પણ વિશ્વાસ રહ્યો નથી. આયોજનપૂર્વક સમાજને વિભાજિત કરવાના કારસા થતા રહેતા હોવાના આક્ષેપો પણ થયા. ટૂંકમાં, બજેટ ચર્ચામાં રાહુલ અને મુલાયમ બેઉએ મોદી સરકારને સદંતર નિષ્ફળ અને જનવિરોધી ચીતરવાનો પ્રયાસ કર્યો છે. આગામી વર્ષે યોજાઈ રહેલ ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચૂંટણીમાં મુલાયમ, રાહુલ ગાંધી અને મોદી-ત્રણેયની શક્તિનાં પારખાં થઈ જવાનાં છે. મોદીને ઉત્તરપ્રદેશમાં રાજકીય સમીકરણો સાનુકૂળ છે, કારણ કે ત્યાં મહાગઠબંધન રચાવાનું નથી. માયાવતી પોતે સૌથી મહત્ત્વનું ફેકટર છે અને રાહુલ પ્રશાંતના નામે વૈતરણી તરવા નીકળ્યા છે!

## Jaundice (કમળા)નો કાળો કેર?

અલી સવિતાબેન અરે ગામમા ચારેબાજુ કમળાનો કેર વર્તાય છે. જેને પૂછો તેને ભાઈ કમળો છે. હમણાં તો આટલી બધી રજા આવી. બધીજ રજાઓ કમળો ખાઈ ગયો. કેટલા બધા પ્લાન કાર્યા હતા. કોઈ કહે આબુ-અંબાજી જઈએ,કોઈ કહે કાશ્મીર જઈએ. કોઈ કહે સિંગાપુર જઈએ. કોઈ કહે થાઈલેન્ડ જઈએ અને બાજુ વાળા પ્રેમલભાઈએ તો અમેરિકા ની ટીકીટ બૂક કરાવી હતી. પણ લોહીમા કમળો દેખાયો અને બધા અરમાન



પાણી પાણી થઈ ગયા. હે સવિતાબેન આ કમળો થાય કેવી રીતે? અલી સાધના આજનું 'ગાંધીનગર સમાચાર'નથી વાંચ્યું? બિચારા કૃષ્ણકાન્તભાઈ જહાએ કમળા વિશેની સરસ માહિતી આપી છે. અને સાથે ગવર્નમેન્ટની કમળાથી બચવા માટે શુ કરવું એની જાહેરાત પણ છે. સવિતા જરા ફોળ પાડીને કહીશ . મેં તો છાપુ નથી વાંચ્યું. અરે સાધના છાપા નથી વાંચતી? જો પહેલું મારુ કામ સવાર નુ છાપા વાંચવાનું. જો પહેલા 'ગાંધીનગર સમાચાર' વાંચવાનું. જેમાં ગાંધીનગરના સમાચાર મળી જાય. આજે કોનો જન્મદિવસ છે એની પણ ખબર પડી જાય. આજે કોનું બેસણું છે એ પણ ખબર પડી જાય. હા, પછી સારા લેખ વાંચવાના. પછી ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર જોઈ લેવાના. જેમાં ગુજરાત ઉપરાંત દેશ-વિદેશના સમાચાર મળી જાય. પછી અંગ્રેજી છાપુ લેવાનું. જેમાં ખબર પડે કે ના પડે પણ જોઈ જવાનું અને સારા ફોટા ધ્યાનથી જોવાના. એ બધું તો ઠીક છે પણ સવિતા કમળા નુ શું? એ હુ કહું છું પણ સાધના તુ પહેલા બધા છાપા વાંચીશ એવું કહે. સારું વાંચીશ.

જો સાધના કમળો સામાન્ય રીતે વાઈરસથી થાય છે. હવે તને સવાલ થશે કે કમળાના વાઈરસ આવે છે ક્યાંથી, સાધના કે સામાન્ય રીતે કમળાના વાઈરસ ગંદા પાણીથી થાય છે. બહારની ખરાબ પણ ટેસ્ટી એવી વાનગીઓ આરોગવાથી થાય છે. ખાસ કરીને પાણીપુરી, ભેળ અને અન્ય આવી સ્વાદીષ્ટ વાનગીઓ ખાવાથી થાય છે. રમીલાબેનને પાણીપુરી ખુબ ભાવતી. કોઈક લારીમાંથી પાણીપુરી ખાઈ આવતા. તેને ૧૦ દિવસ પહેલા કમળો આંખમા દેખાઓ. સાધના કમળો થાય ત્યારે પહેલા તાવ આવે. કદાચ આવે પણ અને ન પણ આવે. પેટમાં દુખે. પેશાબ પીળો થાય. ખાવાની ઈચ્છા ઓછી થાય. ઉલટી થાય કે ઉબકા આવે. એવુ જ બીજી ખરાબ વસ્તુ છે. શેરડીનો રસ, કેરીનો બજારમાંથી લાવેલો રસ. આ સ્મશાન વૈરાગી જેવું છે. બધા અત્યારે કહેશે કે બહાર નહી ખાઈએ. શેરડીનો રસ નહિ પીએ. બહારથી લાવેલો કેરીનો રસ નહિ ખાઈએ... પણ બધા બધુ જ કરવાના અને કમળો થવાનો. ડૉકટરોને પૈસા આપવાના. અને લેબોરેટરીવાળાને લોહી ટેસ્ટ કરાવી ને કમાવી આપવાનુ. અરે હે ! સવિતા, તે લોહી ઉપરથી કમળો કેવી રીતે ખબર પડે? અરે ડફોળ સાધના સાંભળ, એમાં બીલીરુબીન (BILLIRUBIN), એસ.જી.પી.ટી (SGPT). , અને યુરીન(પેશાબ)માં બાઈલસોલ્ટ - બાઈલપીગમેન્ટના ટેસ્ટ કરવાથી કમળાની ખબર પડે છે. બીલીરુબીનમાં- ૩ ભાગ પડે છે. ટોટલ બીલીરુબીન, ડાઈરેકટ બીલીરુબીન, ઈન-ઈરેકટ બીલીરુબીન. ટોટલ બીલીરુબીન એ શરીરમાં કમળો એટલે કે પીળાશ કેટલી છે એ બતાવે છે. જેની નોર્મલ માણસ મા રેન્જ છે ૦.૧ -૧ મીલીગ્રામ.



**તન દુરસ્તી**
મહેન્દ્ર ગજ્જર
ડો. દિનેશ રાઠોડ

એમાં સાધના સાંભાળ એમાં ડાઈરેકટ બીલીરુબીન અને ઈન- ડાઈરેકટ બીલીરુબીન શુ છે? તો ડાઈરેકટ બીલીરુબીન અને ઈન- ડાઈરેકટ બીલીરુબીન એ ટોટલ બીલીરુબીન ના ભાગ છે. જયારે કમળો હોય ત્યારે ૯૦% ટોટલ બીલીરુબીન નો ભાગ હોય છે. દા.ત. ૧૦ મીલીગ્રામ ટોટલ બીલીરુબીન હોય તો ૯ મીલીગ્રામ ડાઈરેકટ બીલીરુબીન અને ૧ મીલીગ્રામ ઈન-ડાઈરેકટ બીલીરુબીન હોય છે. જે સામાન્ય રીતે વાઈરસ થી થયેલા કમળા મા દેખાય છે. પાછું એસ.જી.પી.ટી. શુ છે સવિતા? એ લીવર મા રહેલો એક એન્જાઈમ છે. જયારે કમળા ના વાઈરસ શરીર મા પ્રવેશે છે ત્યારે સૌથી પહેલા લીવર માં રહેલો એસ.જી.પી.ટી. નામનો એન્જાઈમ ખુબજ વધે છે. દા.ત. કમળા ના વાઈરસ શરીરમા દાખલ થાય ત્યારે એસ.જી.પી.ટી. ૧૦૦૦, ૨૦૦૦ કે ૩૦૦૦ કરતા પણ વધારે યુનિટ આવી શકે છે. જે કમળા ના વાઈરસ નુ પ્રમાણ બતાવે છે. અને ત્યારે પેશાબમા બાઈલસોલ્ટ-બાઈલપીગમેન્ટ પોસિટીવ આવે છે. સામાન્ય રીતે ૧.૮ મીલીગ્રામ ઉપર ટોટલ બીલીરુબીન હોય તોજ પેશાબ મા કમળો બતાવે છે. જયારે સૌથી પહેલા એસ.જી.પી.ટી. ૧૦૦૦ યુનિટ કરતા પણ વધારે હોય છે. તો સાધના બોલી અલી સવિતા

અનુસંધાન પાના નં. ૭ પર

## કોને ભારતનો આઈન્સ્ટાઈન ગણવામાં આવે છે?

### ભારતનો ઈતિહાસ

(૧) ઔરંગઝેબ વતી મહારાજ જયસિંહ અને શિવાજી વચ્ચે સંધિ કયાં થઈ હતી?
(અ) પુરંન્ધર (બ) રાયગઢ
(ક) ઔરંગાબાદ (ડ) પાણીપત

(૨) ભારતના મેકિયાવલી તરીકે કોણ ઓળખાય છે?
(અ) બીરબલ (બ) ચાણક્ય
(ક) ભદ્રબાહુ (ડ) બાણભટ્ટ

(૩) ચંદ્રગુપ્ત મૌર્યે કોની પાસેથી જૈનધર્મનું શિક્ષણ લીધું હતું?
(અ) ગૌતમી (બ) દેવભૂતિ
(ક) કુમારગુપ્ત (ડ) ભદ્રબાહુ

(૪) હુણોનો પ્રથમ શાસક કોણ હતો?
(અ) તોરમાણ (બ) ઈલ્તુતમિશ
(ક) વિજણમાણ (ડ) કિર્તુમંત

(૫) 'ઢાઈ દીન કા ઝૌયડા'નું નિર્માણ કોણે કર્યું હતું?
(અ) બેહલોલ લોદી (બ) ઈલ્તુતમિશ
(ક) કુતબુદ્દિન ઐબક (ડ) તોરમાણ

(૬) 'જિન્દા પીર' તરીકે કોણ ઓળખાતું હતું?
(અ) ઔરંગઝેબ (બ) હુમાયુ
(ક) અકબર (ડ) મલિક કાફૂર

(૭) ગુરુમુખી લિપિનો પ્રારંભ કોણે કર્યો હતો?
(અ) ગુરુ અંગદ (બ) ગુરુ અર્જુનદેવ
(ક) ગુરુ હરગોવિંદસિંહે (ડ) ગુરુ ગોવિંદસિંહ

(૮) ચંદબરદાઈ કોના દરબારી કવિ હતા?
(અ) અકબર (બ) હૂમાયુ
(ક) હર્ષવર્ધન (ડ) પૃથ્વીરાજ ચૌહાણ

(૯) કોને ભારતનો આઈન્સ્ટાઈન ગણવામાં આવે છે?
(અ) કણાદ (બ) આર્યભટ્ટ
(ક) નાગાર્જુન (ડ) ચરક

(૧૦) તુલસીદાસ કયા મુઘલ બાદશાહના સમકાલીન હતા?
(અ) અબ્રાહ્મ લોદી (બ) અકબર
(ક) મૂહમદ શાહ (ડ) ઔરંગઝેબ

(૧૧) દિલ્હીની ગાદી પર બેસનાર પ્રથમ અફઘાન કોણ હતો?
(અ) બેહલોલ લોદી (બ) ઈબ્રાહિમ લોદી
(ક) અલ્લાઉદ્દીન ખીલજી (ડ) મુહંમદ બિન કાસીમ

(૧૨) અબુલ ફઝલની હત્યા કોણે કરી હતી?
(અ) શિવાજી મહારાજે (બ) વીરસિંહ બુંદેલાએ
(ક) ગુરુ અંગદ (ડ) મંગલ પાંડે

(૧૩) કાશ્મીરનો અકબર તરીકે કોણ ઓળખાય છે?
(અ) જૈનુલ આબદીન (બ) નિયાબુદ આબદીન
(ક) બખાત્યાર ખિલજી (ડ) મલિક કાફૂર

(૧૪) ૧૯૫૭ના વિપ્લવ વખતે ગર્વનર જનરલ કોણ હતું?
(અ) લોર્ડ વેલેસ્લી (બ) લોર્ડ ડેલહાઉસી
(ક) લોર્ડ કેનિંગ (ડ) લોર્ડ હાર્ડીગ્સ

(૧૫) ઈ.સ. ૧૯૫૭ના વિદ્રોહનું કાનપુરમાં નેતૃત્વ કોણે કર્યું હતું?
(અ) મંગલ પાંડે (બ) તાત્યા ટોપે
(ક) લક્ષ્મીભાઈએ (ડ) નાના સાહેબ



**ખજાનો**
અનિલ પટેલ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૩ માર્ચ ૧૮૯૮ — એમીલ આર્ટીન : ઓસ્ટ્રેલિયન-જર્મન ગણિતશાસ્ત્રી. એલ્જેબ્રીક નંબર થિયરી આપનાર
- ૩ માર્ચ ૧૮૮૩ — સર સારરીલ બર્ટ : બ્રિટીશ સાયકોલોજીસ્ટ, સ્ટેટસ્ટીકલ ડેટા એનાલીસ મેથર્ડ આપનાર.
- ૪ માર્ચ ૧૯૧૪ — રોબર્ટ આર. વિલ્સન : અમેરીકન ભૌતિકશાસ્ત્રી, અમેરિકાની જાણીતી ફર્મીલેબના પ્રથમ ડિરેકટર
- ૪ માર્ચ ૧૯૦૪ — જયોર્જ ગેમોવ : અમેરીકન ન્યૂક્લીયર ભૌતિકશાસ્ત્રી, બિગ-બેંગ થિયરી અંગે વિચારો આપનારામાંના એક વૈજ્ઞાનિક
- ૫ માર્ચ ૧૯૧૦ — મોનોફુકુ ઓન્ડો : જાપાનીશ બિઝનેશમેન અને સંશોધક, ઈન્સ્ટન્ટ નૂડલ અને કપ નૂડલ્સના શોધક
- ૫ માર્ચ ૧૮૯૩ — ઈમેટ્ટે ડે. કુલીગન : અમેરીકન વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થાપનાર વૈજ્ઞાનિક
- ૬ માર્ચ ૧૯૧૧ — સર ચાર્લ્સ ફ્રેન્ક : ઈંગ્લીશ ભૌતિકસાસ્ત્રી, અને રસાયણશાસ્ત્રી. ધરતીકંપના સંદર્ભે સંશોધન કરનાર
- ૬ માર્ચ ૧૮૯૮ — કલ્યૂડ ફેડરીક અરમાન્ડ સ્કેફર : ફ્રેન્ચ આર્ચીઓલોજીસ્ટ. સિરિયાના 'ઉગરીટ' પુરાતત્ત્વ સ્થળ પર સંશોધન કરનાર
- ૭ માર્ચ ૧૯૦૨ — બર્નાડ ફ્રેન્ક : અમેરિકન પર્યાવરણશાસ્ત્રી. વાઈલ્ડનેસ સોસાયટીના સહસંસ્થાપક
- ૭ માર્ચ ૧૯૦૦ — ફ્રિત્ઝ વોલ્ફગન લંડન : જર્મન અમેરીકન ભૌતિકશાસ્ત્રી. હાઈડ્રોજન પરમાણુંનું કર્વાન્ટમ મિકેનિકલ ટ્રીટમેન્ટ કરનાર પ્રથમ વૈજ્ઞાનિક
- ૮ માર્ચ ૧૮૩૯ — જેમ્સ મેશન ફ્રેક્ટસ : અમેરીકન કેમીસ્ટ, ઓર્ગેનીક કાબ્રન ચેઈન શોધનાર
- ૮ માર્ચ ૧૮૩૬ — સર મિચેલ ફોસ્ટર : ઈંગ્લીશ ફીઝીયોલોજીસ્ટ, મોડેન બાયોલોજી અને ફિઝિયોલોજીને શીખવવાની નવી પદ્ધતિ આપનાર
- ૯ માર્ચ ૧૯૦૦ — હોપર્ડ હાથવે એઈકેન : અમેરીકન ગણિતશાસ્ત્રી, મોર્ડન ઈલેકટ્રોનીક ડિઝીટલ કમ્પ્યુટર શોધનાર
- ૯ માર્ચ ૧૮૬૨ — ફર્નાડ - આઈસડોર વિડાલ : તબીબ અને બાયોલોજીસ્ટ, ટાઈફોઈડ જન્ય રોગોના નિદાન અને ઉપચાર માટે 'વિડાલ રીએકશન' પદ્ધતિ આપનાર

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : રાષ્ટ્રદ્રોહના મામલે જેએનયુના કયા અધ્યાપકની ધરપકડ કરવામાં આવી છે? જવાબ : સર ગિલાની**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) ઊર્મિલાબેન જે. પાઠખ : સે-૬બી
(૫) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફોસીટી જુ. સા.કૉલેજ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ઈશરત જહા કેસ મામલે કયા પૂર્વ કેન્દ્રીમંત્રી પર સીબીઆઈ। દુરુપયોગનો આક્ષેપ થયો છે?**

**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) બ (૩) ડ (૪) અ (૫) ક (૬) અ (૭) અ (૮) ડ (૯) ક (૧૦) બ (૧૧) અ (૧૨) બ (૧૩) અ (૧૪) ક (૧૫) ડ

## શિવના ઉપાસકનું સ્મરણ

મહાવદ તેરસ મહાશિવરાત્રીનું પાવન પર્વ છે. સારા સંયોગ આ દિવસો સોમવાર - શિવ વાર છે. આ દિવસ નિમિત્તે ભગવાન શંકરના અનન્ય ઉપાસકની સ્મૃતિ થાય છે.

સંસ્કૃતમાં કહેવત છે - સાક્ષરા : વિપરીતા ભવન્તિ રાક્ષસાઃ સાક્ષરો વિપરીત થાય તો રાક્ષસો. એની સામે રાક્ષસો પણ સાક્ષર હોઈ શકે છે. લંકાપતિ રાવણ વિદ્વાન કવિ અને શિવજીનો ઉપાસક હતો. એણે તાંડવ નૃત્ય કરી રહેલા શિવની સ્તૃતિ કરી છે. આ સ્તુતિનું નામ શિવતાંડવ સ્તોત્ર અથવા દશાનનસ્ત્રોત છે. સત્તર શ્લોકનું નારાચ છંદમાં આ સ્તોત્ર રચાયું છે. આના વિષે અભિપ્રાય છે - 'શબ્દ ચમત્કૃતિ સાથે તાલમાં જ ભાવચમત્કૃતિ લાવનારા સ્તોત્રોમાં આ સ્તોત્ર મુકુટમણિ છે.' શિવપૂજન કર્યા પછી રાવણ પોતાના પ્રભુ સામે તાંડવનૃત્ય કરતાં આ સ્તોત્ર ગાતો - તાંડવ નૃત્યમાં પગલાં પડે એની સાથે તાલ મેળવે એવી આની પદરચના છે.




(૧) જટા મંડળમાંથી પ્રવાહિત થતી ગંગાની પવિત્રધારા શિવજીના કંઠને પ્રક્ષાલિત કરે છે. ડમરુંના ડમડમ અવાજને તોલે તાંડવ કરી રહેલા ભોળાનાથ અમારું કલ્યાણ કરે.

(૨) વિશાળ લલાટમાંથી ધગધગતો અગ્નિ જવાળા કાઢી રહ્યો છે. મસ્તકે નાનો ચંદ્ર અમૃત વરસાવે છે. આ ચંદ્ર શેખર પર મને દરેક ક્ષણે પ્રેમ વધતો રહે.

(૩) મારા શિવ પોતે દિગંબર છે; પરંતુ એના કૃપાભર્યા કટાક્ષો ભયંકર આફતોને અટકાવી દે છે. આનંદ વસ્ત્રોમાં નથી, એના સ્વરુપમાં જ છે.



**અમર વારસો**
ડો. રશ્મિકાન્ત મહેતા

(૪) અત્યારે એમણે મદાન્ધ હાથીનું ચર્મ ઓઢેલું છે. એમની જટામાં મણિધર સર્પ છે. એ કેસર વર્ણી પ્રભા રેલાવે છે. હે મન! તું આના દર્શનથી મળતા અલૌકિક સુખને માણી લે.

(૫) શિવજીના ક્રોધથી પ્રગટેલા અગ્નિમાં વિશ્વ વિજયી કામદેવ બળીને રાખ થઈ ગયો. ચંદ્ર એમના લલાટને શીતળ કરી રહ્યો છે. હે પ્રભુ! તમારું આ રુપ અમને પણ સમર્થ બનાવે - અમે પણ કામને પરાજિત કરીએ.

(૬) ઈન્દ્ર વગેરે દેવો પ્રભુનાં ચરણોમાં મસ્તક નમાવીને પ્રમાણ કરે છે. વાસુકિ સર્પરાજ એની જટા બાંધવામાં દોરી બની ગયો છે. હવે આ ચન્દ્રશેકર મારા કલ્યાણમાં પણ વધારો કરે.

(૭) ધર્મમર્યાદાને મહત્ત્વ છે. કામનું દહન કર્યું; પરંતુ વિવાદ પછી પાર્વતીનો પણ ખ્યાલ રાખ્યો. પ્રભુ ઉપર મારો પ્રેમ ટકી રહે.

(૮) અંધારી રાત્રિ જેવી જટા, એમાં સોહામણી ગંગા, મસ્ત કે ચંદ્ર, વસ્ત્રમાં ચર્મ- આથી તો તે જગતના ધુરંધર છે.

(૯) ત્રિપુરાસુર, ગજાસુર, અંધકાસુરને અને કામદેવને પણ એ હરાવનાર છે. આ પ્રભુ પાસે હળાહળ વિષની શી તાકાત?

(૧૦) આપ રસિક શિરોમણિ છો અને છતાં વીરોચિત વિશેષણોથી ઓળખાય છો. આવા શિવને હું ભજું છું.

(૧૧) શિવનું પ્રચંડ તાંડવ ચાલુ છે. મૃદંગ ધીમી ધીમી એવો અવાજ કરે છે. ધગ ધગ કરતો અગ્નિ નીકળે છે.

(૧૨) હું મિત્ર અને શત્રુ - બધામાં સમભાવ રાખું અને બધામાં શિવભાવ રાખીને કયારે વર્તીશ?

(૧૩) હું કયારે મારા પાપોનું પ્રાયશ્ચિત કરવા ગંગા કિનારે દિનભાવે તારા મંગલમય નામોનો પાઠ કરીશ?

(૧૪) દેવાંગનાઓ એમની સેવા કરે છે. એવા આનંદ આપનારા શિવ મારી પ્રસન્નતામાં રાતદિવસ વધારો કરે.

(૧૫) પ્રચંડ અગ્નિની જેમ એ સમસ્ત પાપોને ભસ્મ કરે છે. આ શિવનો મંત્ર મને વિજય અપાવે.

(૧૬) આ સ્તોત્ર એકદમ ઉત્તમ છે. જે આનો પાઠ કરે છે, તે નિરોગી સંતાનને પામે છે, શિવની કૃપા એના પર સતત રહે છે. એની કયારેય દુર્દશા થતી નથી.

(૧૭) પૂજન પુરું થયા પછી દશાનને આ સ્તોત્ર ગાયેલું છે. જે કોઈ સાંજના સમયે આ સ્તોત્રનો પાઠ કરે છે; તેની સંપત્તિને શિવ સ્થિર તો કરે છે જ. પણ કલ્યાણકારી સંપત્તિમાં વધારો કરે છે.

સોમવારના આ મહાન પાવનપર્વે આ શિવ-ઉપાસનાનું સ્મરણ સાહજિક રીતે થઈ જાય.